# શ્રી જૈન ધર્મ પ્રકાશ


મહા

પુસ્તક ૭૩ મું
અંક ૪ થો
૧ લી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૭


सक्का सहेउं आसाइ कंट्या,
अओमया उच्छहया नरेण ।
अणासए जो उ सहेज्ज कंटए,
वईमए कण्णसरे स पुज्जो ॥

વાહવાહ થશે, શરીર સુખમાં રહેશે, ઇન્દ્રિયો મજા માણશે એવી એવી આશાઓ રાખીને તો લોહમય કાંટાની–લોઢાના ભાલાની અણીઓ ઉપર પણ સૂવાનું કે બેસવાનું હોંશે હોંશે સહી શકાય છે; પરન્તુ જે સાધક કોઇપણ પ્રકારની આશા રાખ્યા વિના જ કાનમાં પેસતા વચન–બાણોને–વચનનાં ભાલાઓને શાન્તભાવે–ધીરભાવે સહન કરે તેને "પૂજ્ય" ગણવો.

समावयन्ता वयणाभिघाया,
कण्णं गया दुम्मणियं जणन्ति ।
धम्मोत्ति किच्चा परमग्गसूरे,
जिइन्दिए जो सहई स पुज्जो ॥

સામેથી આવી પડતા મર્મભેદી વચનના ઘા જ્યારે કાન સુધી આવી પહોંચે છે ત્યારે ભારે પીડા પેદા કરે છે–તે સાંભળતાં જ મન દુર્મન થઇ જાય છે, એવી પરિસ્થિતિમાં એ ભયાનક વચનના ઘાને શાન્તિપૂર્વક સહન કરવાનો મારો 'ધર્મ' છે એમ સમજીને ક્ષમાના માર્ગે ચાલનાર જે શૂરવીર જિતેંદ્રિય મનુષ્ય તેને સહન કરે છે, તેને "પૂજ્ય" ગણવો.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન .... .... | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૩૩ |
| ૨ | શ્રીમહાવીરપ્રાર્થનાશતકમ્ (૨) .... | (સ્વ. પં. હરગોવિંદદાસ ત્રિકમદાસ) | ૩૪ |
| ૩ | [illegible] : ૭ : .... | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૩૫ |
| ૪ | શ્રી વર્ધમાન-મહાવીર : ૧૫ .... | (સ્વ. શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયા) | ૩૮ |
| ૫ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક અનુવાદ : ૨.... | (અનુ૦ આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિજી મ.) | ૪૨ |
| ૬ | શ્રી વંથળીમંડન શ્રી શીતળ-જિન સ્તવન .... | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૪૩ |
| ૭ | પ્રમત્ત અને અપ્રમત્ત ભાવ .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૪૪ |
| ૮ | શ્રી જિનદર્શનની તૃષા : ૮ .... | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ M. B. B. S.) | ૪૬ |
| ૯ | પુસ્તકોની પહોંચ .... .... .... .... .... | | ૪૮ |


### પૂજા ભણાવવામાં આવી

સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીની બારમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને શનિવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક-પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદબંધુઓ તેમજ અન્ય ગૃહસ્થોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

### જન્મદિન

આપણી સભાના પ્રમુખ જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદિ ૦)) ને બુધવારના રોજ એકોતેરમા જન્મદિન પ્રસંગે સભાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હાર-તોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવ્યું હતું.

### ખેદકારક સ્વર્ગવાસ

સુરેન્દ્રનગરનિવાસી શ્રી નરસીદાસ નથુભાઈ વહોરા ૮૩ વર્ષની વૃદ્ધવયે પોષ શુદ ૮ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી રાજકીય, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિમાં સારો રસ લેતા હતા. ગુજરાતના રેવાકાંઠા તથા મહીકાંઠાના રાજ્યોમાં કાયદાના સલાહકાર તરીકે તેઓએ કામ કર્યું હતું. આપણી સભાના ઘણા વર્ષોથી આજીવન સભાસદ હતા. તેઓશ્રી અત્રેના હેલ્થ ઓફિસર ડૉ. વહોરાના પિતાશ્રી થાય. અમે સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઇચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૭૩ મું<br>અંક ૪ | મહા | વીર સં. ૨૪૮૩<br>વિ. સં. ૨૦૧૩ |
|---|---|---|


## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(વિમલ વિમલતા તાહરી-એ દેશી.)

વાસુપૂજ્ય અવધારીએ, સંયમના હો કીધા અતિચાર;
મૂલ-ઉત્તર ગુણ દુહવ્યા, મેં પોતે હો જીવશરણ દયાળ. વાસુપૂજ્ય........(૧)

જીવતણી હિંસા કીધી, જૂઠું બોલ્યો હો ચોરી કરનાર;
અબ્રહ્મ-પરિગ્રહ ચાકરી, રૂડી કીધી હો નિશાભોજી અપાર. વાસુપૂજ્ય........(૨)

ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીઆ, પંચ સાખે હો સુણો જગતદયાળ;
તે મેં આદર્યા આચર્યા, ધીઠું હૈયું હો શરમે ન લગાર. વાસુપૂજ્ય........(૩)

ઉદ્‌ગમ--ઉત્પાદ—એષણા, મંડલીના હો સેવ્યા અતિચાર;
ઇન્દ્રિય વિષય વિકારથી, કિમ થાશે હો જગનાથ કૃપાળ. વાસુપૂજ્ય........(૪)

હવે આધાર તું માહરે, રૂડું આગમ હો તરવા સંસાર;
કરો કૃપા રુચક ઉપરે, તો થાશે હો મોટો ઉપકાર. વાસુપૂજ્ય........(૫)

મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

## श्रीमहावीरप्रार्थनाशतकम्

कर्ता–स्व. पंडित हरगोविंददास त्रिकमदास शेठ

( २ )

गुणेषु पक्षपातस्ते, न स्थाने करुणावतः ।
मेघस्य वर्षतः किं स्यात्, स्थानास्थानविवेचनम् ॥ १२ ॥

सूर्यः प्रकाशयन्नेव, त्यजति श्वपचाश्रयम् ।
निर्गुणं मां तथा त्यक्तुमर्हन्नर्हति नो भवान् ॥ १३ ॥

सफला करुणा या ते, सद्गुणान्निर्गुणेऽधिका ।
अविभूतोऽपि मरौ वृष्टि–र्विशेषेणापकारिका ॥ १४ ॥

नाधिकारः कृपायां ते, योग्यतारहितस्य मे ।
अन्योन्याश्रयदोषेण, दुरन्तेन हतोऽस्मि हा ॥ १५ ॥

ऋते यत् ते कृपां नाथ, योग्यता मे न भाविनी ।
विना मद्योग्यता सापि, दुर्लभा ते कृपेति च ॥ १६ ॥

किन्त्वीश ! केवलं तेषामेषा तर्कविडंबना ।
प्रभावं करुणायास्ते, ये विदन्ति न मानवाः ॥ १७ ॥

तर्कणातर्कणीयं यदचिन्त्यं चेतसापि यत् ।
तद् द्राक् त्वत्कृपया साध्यं, योग्यतायास्तु का कथा ? ॥१८॥

अथवा योग्यता नाम, केयमास्तिक्यतः परा ।
विश्वसन् परजन्मादि, स्यामुपेक्ष्यः कथं प्रभो ! ॥ १९ ॥

योग्यता भगवन् श्रद्धा, त्वयीति यदि वा मतम् ।
मयि सापि न नास्तीति, कृपाप्राप्तिरवारिता ॥ २० ॥

अथवा योग्यतार्थश्चेत्, तव काव्यमयी स्तुतिः ।
चाटुत्वाधुनिका एनां, ब्रूवते दूषयंति च ॥ २१ ॥

चाटूक्तिस्त्वत्कृपायाश्चेत्, कारणं तदसंगतम् ।
चाटूक्तिप्रियतायां यत्, क्व तिष्ठद् वीतरागता ? ॥२२॥

विभेदं ये न जानन्ति, चाटुनस्त्वस्तवस्य च ।
आपादयन्ति पूर्वोक्तं, दोषमेवं त एव यत् ॥ २३ ॥ (क्रमशः)

પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

इउ मती जाणो जे–श्री जिनभद्रगणिक्षमाश्रमण, श्रीउमास्वातिवाचक प्रमुखें दिगम्बर न निषेध्युं छे. श्रीहेमाचार्यप्रमुख अर्वाचीन आचार्यइं ज निषेध्युं छे.

( એમ નહિં જાણવું, જે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ, શ્રી ઉમાસ્વાતિ વાચક વગેરેએ દિગમ્બરને નિષેધ્યા નથી. શ્રી હેમાચાર્ય વગેરે અર્વાચીન આચાર્યોએ જ નિષેધ્યા છે. )

દિગમ્બર મત દૂષિત છે એવું શ્રી હેમચન્દ્રાચાર્યની પૂર્વના આચાર્યો કહેતા નહિં–એ પ્રમાણે શંકા હોય તો તે માટે એ પ્રામાણિક મહાપુરુષોના નામોલ્લેખપૂર્વક એ શંકાને રજૂ કરીને એવી શંકા નહિં કરવા માટે જણાવ્યું છે.

जे माटे–विशेषावश्यक मध्ये ७ निह्नव देशविसंवादी कह्या छइ. आठमो निह्नव सर्वविसंवादी दिगम्बर कहीउ छइं.

"छव्वाससएहिं नवुत्तरेहिं सिद्धिगयाओ वीरस्स"
तो वोडीयाण दिट्ठी, रहवीरपुरे समुप्पन्ना"

इत्यादि उत्पत्ति कही छइ. ते विशेषावश्यक श्री जिनभद्रगणि क्षमाश्रमणकृत छई. तथा श्री–उमास्वातिवाचकें श्रीप्रशमरति ग्रन्थमध्ये साधुने धर्मोपगरण थाप्या छईं. किं बहुना ? श्री सूत्रमध्ये घणी स्त्री दीक्षा लेई मोक्षे गईं कही छईं. श्रीमल्लिनाथ–स्त्रीपर्यायेज कह्या छई.

( જે માટે વિશેષાવશ્યક મધ્યે સાત નિહ્નવોને દેશવિસંવાદી કહ્યા છે. આઠમો નિહ્નવ સર્વવિસંવાદી દિગમ્બર કહ્યો છે.–'छव्वाससएहिं' એ ગાથા વગેરે પ્રમાણે ઉત્પત્તિ કહી છે. તે વિશેષાવશ્યક શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કરેલું છે. તથા શ્રી ઉમાસ્વાતિવાચકે શ્રી પ્રશમતિ ગ્રન્થ મધ્યે સાધુને ધર્મોપકરણ સ્થાપ્યા છે. વધુ શું ? શ્રી સૂત્રમાં ઘણી સ્ત્રીઓ દીક્ષા લઇને મોક્ષે ગઇ–એમ કહેલ છે. શ્રી મલ્લિનાથ સ્ત્રીપર્યાયે જ કહ્યા છે ).

પૂર્વે જે શંકા ન કરવા માટે જણાવ્યું તેનો ઉત્તર ઉપર પ્રમાણે આપેલ છે. તેમાં શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે દિગમ્બરનો નિષેધ વિશેષાવશ્યકમાં જે કરેલ છે તે પ્રમાણરૂપે આપ્યું છે. વિશેષાવશ્યકના કર્તા શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ છે.

શ્રી ઉમાસ્વાતિ વાચકે દિગમ્બરનો નિષેધ સીધો કર્યો નથી પણ તેની માન્યતાનો વિરોધ કર્યો છે. કોઇના મન્તવ્યનો વિરોધ એ તેનો વિરોધ કર્યા બરાબર છે. ધર્મોપકરણ પણ પરિગ્રહરૂપ છે અને તે રાખનાર સાધુ ન કહેવાય, એ પ્રમાણે દિગમ્બર કહે છે. જ્યારે પ્રશમરતિમાં સાધુઓને ધર્મોપકરણ રાખવાનું કહેલ છે.

પ્રશમરતિ ગ્રન્થનું તે કથન આ પ્રમાણે છે;–

पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।
कल्प्याकल्प्यं सद्धर्म-देहरक्षानिमित्तोक्तम् ॥१३८॥
कल्प्याकल्प्यविधिज्ञः, संविग्नसहायको विनीतात्मा ।
दोषमलिनेऽपि लोके, प्रविहरति मुनिर्निरुपलेपः ॥१३९॥
यद्वत् पङ्काधारमपि पङ्कजं नोपलिप्यते तेन ।
धर्मोपकरणधृतवपु–रपि साधुरलेपकस्तद्वत् ॥१४०॥
यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।
तद्वदुपग्रहवानपि, न सङ्गमुपयाति निर्ग्रन्थः॥ १४१॥

× × ×

किञ्चित् शुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भेषजाद्यं वा ॥१४५॥

પ્રશમરતિગ્રન્થના કર્તા શ્રી ઉમાસ્વાતિ વાચક છે, એ સ્પષ્ટ છે. સ્ત્રીઓ વસ્ત્રવગર રહી શકે નહિં, વસ્ત્ર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે તેને મુનિપણું ન હોય. મુનિપણું ન હોય તેને મુક્તિ ન હોય એટલે સ્ત્રીઓને મુક્તિ ન હોય-એ પ્રમાણે દિગમ્બરનું કથન છે. જ્યારે સૂત્રમાં-મૂળ આગમમાં અનેક સ્ત્રીઓ મોક્ષે ગયાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. એટલે સૂત્રને આધારે પણ દિગમ્બર વિરુદ્ધ છે. શ્રી જ્ઞાતાધર્મકથાંગ વગેરે આગમોમાં શ્રી મલ્લિનાથ ભગવાન્ સ્ત્રી હતા એવો સ્પષ્ટ પાઠ છે. એટલે દિગંબર શાસ્ત્રવિરોધી છે.

८४००० स्याद्वादरत्नाकर ग्रंथ हुंतो, ते मध्ये ४००० ग्रंथ महातर्क युक्तिसहित स्त्रीमुक्ति उपरिज हुंतो. हवणां-सकल श्वेताम्बरतर्कग्रंथ दिगम्बरमत निर्दलकज छई. ए मोटो अंतर छइ. इणमें जो संदेह कीजई 'ए श्वेतांबर युक्ति छइ. ए दिगंबरयुक्ति छइ, पछि-जिन जाणें' तो परीक्षक लोकने बडी खामी छई. रागद्वेषी नाम धरावणो टलें छई. पणि-मिथ्यात्व आवई छई. 'छागमपनयतः क्रमेलकप्रवेशः' न्यायः । उक्तं च हेमाचार्यैरयोगव्यवच्छेदद्वात्रिंशिकायाम्-

सुनिश्चितं मत्सरिणो जनस्य,  
न नाथ ! मुद्रामतिशेरते ते ॥  
माध्यस्थ्यमास्थाय परीक्षकाये,  
मणौ च काचे च समानुबन्धाः ॥२-२७॥

अर्थ-हें नाथ ! हे वीतराग देव ! ए मई सुनिश्चित छई, जे ते लोक मत्सरीरी मुद्रा अतिक्रमता न छई, एतावता-मत्सरी ज छई. जे माध्यस्थ्य-क० मध्यस्थापणा प्रति, आस्थाय-क० आदरीश्रद्धानकरी, परीक्षक हुंता, मणिमां अने काचमां समानुबन्धक० सरखे परिणामे छई, काच-रतनरो अंतर न देखावई. मध्यस्थ्य रहई, परीक्षकलोक अविषय अर्थई जिननें भणावई, बीजो-जिनरो निर्णय थाई. इतरो निर्णय करी परीक्षक गीतार्थरी आज्ञा प्रमाण करई. अनिश्चित अर्थ साचो कहई तो-परीक्षक अपवादमां पडई.

उक्तं च सम्मतिमहातर्के—

एयंतासब्भूयं सब्भूयमणिच्छियं च वयमाणो ॥  
लोइअपरिच्छयाणं, वयणिज्जपहे पडइ वाई ॥३-५९॥

अर्थ-एकांतई असद्भूत अर्थ दूर रहो, सद्भूत अर्थ पणि जो अनिश्चित-क० संदेहाक्रान्त कहई तो वादी, लौकिक अने परीक्षक जे लोक तेहनो वचनीयपथ-क० निंदामार्ग तेहमां पडे. ते माटे संदेह न करवो.

(८४००० स्याद्वादरत्नाकर ग्रंथ હતો, તેમાં ૪૦૦૦ ગ્રંથ મહાતર્ક યુક્તિ સહિત સ્ત્રીમુક્તિ ઉપર જ હતો. હમણાં સકલ શ્વેતામ્બર તર્ક ગ્રંથ દિગમ્બર મત નિર્દલક જ છે. એ મોટું અંતર છે. એમાં જો સંદેહ કરીએ-'આ શ્વેતામ્બર યુક્તિ છે, આ દિગમ્બર યુક્તિ છે. પછી જિન જાણે' તો પરીક્ષક લોકને મોટી ખામી છે. રાગદ્વેષી નામ ધરાવવાનું ટળે છે, પણ મિથ્યાત્વ આવે છે. 'छागमपनयतः क्रमेलकप्रवेशः-' એ ન્યાય હેમાચાર્ય મહારાજે અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં કહ્યું છે કે સુનિશ્ચિતમ્ ઇત્યાદિ.

અર્થ-હે નાથ! હે વીતરાગ દેવ! એ મને સુનિશ્ચિત છે-જે તે લોક મત્સરીની મુદ્રાને અતિક્રમતા નથી. એટલે મત્સરી જ છે. જે **માધ્યસ્થ્ય** કહેતાં-મધ્યસ્થપણામાં **આસ્થાય**-કહેતાં આદરી-શ્રદ્ધાન કરી પરીક્ષક છતાં મણિમાં અને કાચમાં **સમાનુબન્ધ** કહેતાં સરખે પરિણામે છે. કાચ અને રત્નનો તફાવત બતાવતા નથી. મધ્યસ્થ રહે. પરીક્ષકલોક અવિષય અર્થમાં જિનને ભળાવે. બાકી જેનો નિર્ણય થાય તેટલો નિર્ણય કરી પરીક્ષક ગીતાર્થની આજ્ઞા પ્રમાણ કરે. અનિશ્ચિત અર્થ સાચો કહે તો પરીક્ષક અપવાદમાં પડે. સમ્મતિમહાતર્કમાં કહ્યું છે જે-**એયંતા** ઇત્યાદિ.

અર્થ-એકાંતે અસદ્ભૂત અર્થ દૂર રહો, સદ્ભૂત અર્થ પણ જો **અનિશ્ચિત**-કહેતાં સંદેહાક્રાન્ત કહે તો વાદી, લૌકિક અને પરીક્ષક જે લોક તેનો **વચનીયપથ**-કહેતાં નિન્દામાર્ગ તેહમાં પડે. તે માટે સંદેહ ન કરવો.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિગમ્બર મત સર્વથા મિથ્યા છે-એ હકીકત ભારપૂર્વક જણાવે છે. એ માટે કાંઇ યુકિત છે કે નહિં-એ પ્રશ્નના ઉત્તરમાં પ્રાચીનોની સમ્મતિ જણાવ્યા બાદ બારમી સદીના મહાવાદી-શ્રી દેવસૂરિજી મહારાજવિરચિત 'સ્યાદ્વાદરત્નાકર' ગ્રંથની સમ્મતિ આપે છે. એ ગ્રંથ ઘણો જ વિશાળ હતો. તેનું ૮૪ હજાર શ્લોકપ્રમાણ હતું. તેમાં ચાર હજાર શ્લોકપ્રમાણ તો સ્ત્રીમુકિત ઉપર જ હતો. કેવળ ચાર હજાર શ્લોકપ્રમાણ ગમે તેમ પૂરું કર્યું હતું એમ નહિં યુકિત અને તર્કથી ભરપૂર એ લખાણ હતું. વર્તમાનમાં પણ એ ગ્રંથ વિદ્યમાન છે, તેમાંથી કેટલોક ભાગ વિચ્છેદ ગયો છે, છતાં એ ગ્રંથમાં સચોટ તર્કયુકિતઓ સંગ્રહાએલી છે.

બધા શ્વેતામ્બર ગ્રંથો-તર્કગ્રંથો દિગમ્બર મતનું ખંડન જ કરનારા છે-એમ માનવું એમાં મોટું અંતર છે. શ્વેતામ્બરો પોતાની વાત ખરી છે એ સમજાવવા માટે યુકિતઓ આપે અને દિગમ્બરો પોતાની વાત ખરી કરવા માટે યુકિતઓ આપે-એમાં આ સાચું અને આ ખોટું એમ કેમ કહેવાય? સાચી વાત તો કેવળી જાણે. એ પ્રમાણે જો સંદિગ્ધ રહેવામાં આવે તો પરીક્ષક લોકને મોટી ખામી આવે. પરીક્ષા કરવામાં કુશળ લોકથી એ પ્રમાણે કહેવાય નહિં. ઉપર પ્રમાણે કહેવાથી રાગી કે દ્વેષીની છાપ દૂર થાય. જો આ સાચું છે અને આ ખોટું છે એમ કહીએ તો જે સાચું કહ્યું તે તરફ રાગ કર્યો ગણાય અને જેને ખોટું કહ્યું તે તરફ દ્વેષ કર્યો કહેવાય જેનું સાચું કહીએ તે પક્ષવાળા સારા ગણે અને જેનું ખોટું કહીએ તે પક્ષવાળા ખરાબ ગણે. એટલે બધાને સારું લગાડવાની ખાતર સાચું શું અને ખોટું શું એની માથાકૂટમાં ન પડવાની મનોવૃત્તિ થાય-પણ એ પ્રમાણે તટસ્થ રહેવાથી અનભિનિવેશિક મિથ્યાત્વ આવે છે. રાગદ્વેષીની છાપ કરતાં મિથ્યાત્વીની છાપ ઘણી જ ભયંકર છે. એ તો બકરું કાઢતાં ઊંટ પેસી જાય-એના જેવું છે.

શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકામાં આ ભાવને સમજાવતા સ્પષ્ટ જણાવે છે કે-'હે નાથ! એ નક્કી છે જે-જેઓ પરીક્ષક બનીને મધ્યસ્થતાનો આગ્રહ રાખવાપૂર્વક મણિ અને કાચમાં સરખા ભાવને ધારણ કરે છે તેઓ વિદ્વેષી લોક કરતાં જરી પણ ચઢતા નથી.

મણિ અને કાચની પરીક્ષા કરવા માટે બેસાર્યા હોય, પછી મણિને મણિ કહેવામાં અને કાચને કાચ કહેવામાં શરમ શી! મણિવાળાને સારું લગાડવા ખાતર અને કાચવાળાને ખોટું લગાડવા ખાતર એ પ્રમાણે કહેવાનું નથી. પરીક્ષામાં જે જણાય એ જણાવવાનું છે. દ્વેષી માણસ તો પોતાના કાચના ટૂકડાને મણિ કહે અને સામાના મણિને કાચ કહે એથી શું? આ સ્થિતિમાં પરીક્ષક જો મધ્યસ્થ બનીને કાંઇ પણ નિર્ણય ન કરે તો દ્વેષીમાં અને પરીક્ષકમાં તફાવત શું? એટલે પરીક્ષકે પરીક્ષા કરવામાં ભૂલ ન થાય એટલી કાળજી રાખવી જરૂરી છે. બાકી કાળજી-પૂર્વક પરીક્ષા કરીને જે પરિણામ આવે તે સમજવામાં અને સમજાવવામાં જરા પણ સંકોચ રાખવાની જરૂર નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરજી તો સમ્મતિ મહાતર્ક-ગ્રન્થમાં જણાવે છે-કે-જે પ્રમાણે કોઇ પણ વસ્તુને એકાન્તે અસદ્ભૂત જણાવનાર નિન્દનીય છે તે પ્રમાણે સદ્ભૂતભાવને પણ સંદિગ્ધ જણાવનાર વાદી, લૌકિક અને પરીક્ષક લોકમાં નિન્દનીય બને છે.

સદ્ભુત ભાવને અસદ્ભુત કહેનાર જેટલો દૂષિત છે-તે કરતાં-સદ્ભૂત ભાવને આ સદ્ભૂત હશે કે નહિં એમ કહેનાર જવાબદાર ઓછો દૂષિત નથી. એથી વાદીમાં-લૌકિકજનોમાં કે પરીક્ષક લોકમાં તેની પ્રતિષ્ઠા વધતી તો નથી પણ ઘટે છે. (ચાલુ)

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

## ૧૫

પોતે આવા કીચડમાં રગદોળાઈ શા માટે જીવતર બગાડી નાખવું એનો એને ત્યાં સ્વસ્થ વિચાર બંધાઇ ગયો, પોતે કરેલા ક્રોધ પર એને હવે ક્રોધ આવ્યો અને આખા સંસારમાં સ્વાર્થ, કકળાટ અને આત્મ-ધન પર થતો આઘાત જોવામાં આવ્યો. આવો મનુષ્ય ભવ મહામુસીબતે મળે છે, એને સ્થૂળ વિષયમાં રમણતા કરી હારી બેસવામાં પોતાને મૂર્ખાઇ દેખાણી અને સંસારમાં સ્વાર્થનો સંઘર્ષ અને પૌદ્ગલિક પિપાસા જ દેખાણા, સંભૂતિસૂરિનો આખો ઉપદેશ એને બરાબર અંતરમાં ઉતરી ગયો પોતે. કોઠાનાં ઝાડને લાત મારવામાં, વિશાખનંદીના માણસોને ધમકાવવામાં અને ગમે તેવાં વચનો બોલી નાખવામાં કેટલો નીચો ઉતરી ગયો હતો એ એના મન પર આવ્યું અને સંસારમાં તો એવા પ્રસંગો આવ્યા કરે છે એ એની કલ્પનાસૃષ્ટિમાં અનુભવથી ચિત્રરૂપે ખડું થઇ ગયું. માણસો લાત ખાય છતાં વિષયોને કૂતરાની માફક શા માટે ચાહતા જાય છે અને પોતાના લોહીના સ્વાદને ભૂલથી કેવો સરસ માને છે, પણ અંદરથી એનું આત્મ–રુધિર કેવું ખવાતું જાય છે અને સ્ત્રી, વૈભવ અને રાજઋદ્ધિના ભોગવટા પાછળ કેટલી આત્મધનની હાનિ છે એ સર્વના વિચાર આવ્યા.

વિશ્વભૂતિ લડાયક જુસ્સાવાળો, આત્મવિશ્વાસી અને આવેશ અનુસાર તાત્કાલિક કામ કરનાર હતો. એનામાં દીર્ઘસૂત્રીપણાનો તદ્દન અભાવ હતો, હકીકત જાણી નિર્ણય કરનાર હતો. એણે સૂરિમહારાજનો ઉપદેશ સાંભળ્યો. તેને પરિણામે એને નિશ્ચય થઇ ગયો અને ત્યાં ને ત્યાં ગુરુમહારાજને વિજ્ઞપ્તિ કરી પોતાને ધર્મમાર્ગમાં જોડાવા પ્રાર્થના કરી. ગુરુમહારાજે સર્વત્ર સંગત્યાગનો મહિમા તેને જણાવ્યો, અનંત સુખનો એ સાચો રાજમાર્ગ છે એ વાતને ભાર મૂકીને કહી બતાવી અને સંસારત્યાગના નિર્ણયમાં એને દૃઢ કર્યો, જીવનમાં કષાયો શાં શાં કામો કરે છે, કામદેવ કેવો ભવાટવીમાં ભટકાવે છે અને રાજવૈભવ છેવટે કેટલાં રખડપાટા કરી આખો મોક્ષમાર્ગ વિરૂપ કરી નાખે છે એ વાત ફરી ફરીને કહી બતાવી અને જ્યારે વિશ્વભૂતિએ સંસારત્યાગ કરવા નિર્ણય રજૂ કર્યો ત્યારે એના એ નિર્ણયને ટેકો આપવા સાથે એ વાતમાં દૃઢતા કરવા સૂચન કર્યું. સંસાર જરૂર ત્યાગવા યોગ્ય છે, વિષયો જરૂર તજવા યોગ્ય છે, મહાવ્રતો જરૂર ધારણ કરવા યોગ્ય છે અને સ્નેહ–સગપણ–સંબંધ અને પ્રેમની અંદર ભારે કૃત્રિમતા છે એ બતાવવા સાથે એનો એક વાર ત્યાગ કર્યા પછી ફરી વાર એને ગ્રહણ કરવાનું મન થાય તો કેવાં ભયંકર પરિણામ આવે છે તે પણ જણાવી દઇ વિશ્વભૂતિને સ્થિર કર્યો, અને એની ઇચ્છાને સ્થાયી રૂપ આપી એને ત્યાગ માર્ગની દીક્ષા આપી. એ તો જેવો સંસારના રંગે રંગાયલો હતો તેવો જ ધર્મનો મોટો અનુયાયી થઇ ગયો અને જાણે આ જન્મે ત્યાગી હોય અને જાણે સંસારના ભોગને કદી ભોગવ્યા જ ન હોય એવો એ અવધૂત થઇ ગયો.

મહારાજા વિશ્વનંદીને ખબર પડી એટલે એ જાતે ત્યાં આવ્યા, વિશ્વભૂતિને ઘેર આવવા વિનવણી કરી, એના વગર પોતાનું ઘડપણ બગડી જશે એમ જણાવ્યું અને એણે પુષ્પકરંડક બગીચામાં જ જવાનું છે એમ સંભળાવી દીધું, પણ વિશ્વભૂતિ તો જાણે બાળયોગી હોય તેમ વિષયોની વિરૂપતા, સગપણ–સંબંધની અસ્થિરતા અને આખા સંસારની અંદર મોહમાયા અને મમત્વની અંદર રહેલી કર્કશતા પર વિવેચન કરતો રહ્યો અને જ્યારે એણે આખા સંસારની બાંધણી ખોટા પાયા પર મંડાયલી છે અને પૌદ્ગલિક રચના કારમી હોવા સંબંધી અને સગપણ સ્નેહ સંબંધની અસ્થિરતા પર ભાર મૂકી વાતો કરવા માંડી, ત્યારે તો મહારાજા વિશ્વનંદી પણ બેઘડી વિચારમાં પડી ગયા, એમણે જોયું કે વિશ્વભૂતિ જેવો લડાઇમાં બહાદુર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો, સંસારમાં રસિયો હતો, મોજશોખમાં વિલાસી હતો, તેવો જ ત્યાગના નિર્ણયને અંતે દઢનિશ્ચયી હતો, એનામાં સંયમ ઓતપ્રોત જામી ગયો હતો અને હવે તે સંસાર તરફ પાછાં પગલાં માંડે તે અશક્ય હતું: આખરે મુનિચરણે નમન કરી મહારાજા વિશ્વનંદી વિદાય થઇ ગયા.

વિશ્વભૂતિએ તો સંયમ સ્વીકાર્યા પછી સંસારને તદ્દન વિસારી જ દીધો. એણે ગુરુમહારાજની નિશ્રામાં રહી અભ્યાસ કર્યો, અને જ્ઞાનક્રિયાના સંયુક્ત માર્ગને ખૂબ દીપાવ્યો, એણે શરીર–શુશ્રૂષાનો વિચાર માત્ર છોડી દીધો, અવિરત વિહારમાં સંગત્યાગ માન્યો, દોષ રહિત આહાર લેવામાં ચીવટ રાખી અને આકરી તપસ્યા આદરી શરીરને કૃશ કરી નાખ્યું. એને બેત્રણ ઉપવાસ તો હાલતાં ચાલતાં કરવાની ટેવ પડી ગઇ અને ઇંદ્રિયપોષણ કરે તેવા આહારના ત્યાગને લઇને અને આકરી તપશ્યા તરફ ખાસ આકર્ષણ અને આચરણને પરિણામે એણે શરીરને એટલું દુર્બળ બનાવી દીધું કે એને ઓળખવા પણ મુશ્કેલ પડે. જમીન પર સૂવું, સાદો ખોરાક લેવો, આવશ્યક ક્રિયાઓ કરવી, ગોચરી લેવા જાતે જવું અને જ્યારે સમય મળે ત્યારે યમ નિયમથી આગળ વધી આસન ધ્યાન ધારણા સમાધિ દ્વારા યોગસાધના કરવામાં એણે પોતાના જાતને એટલી તલ્લીન કરી દીધી કે આદર્શ સાધુ બની ગયા અને જાણે એણે સંસાર સાથે કદી પરિચય જ ન કર્યો હોય, જાણે પુદ્ગલસંગનો એમને કદી રંગ જ ન લાગ્યો હોય, ઇંદ્રિયો જાણે એની ગુલામ જ હોય એવો એને જોતાં અને એનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે. અભ્યાસ અને વિચારણાને પરિણામે બાહ્ય અને અભ્યંતર તપ તરફ વધારે ને વધારે રુચિ વધતી ચાલી અને હવે તો એણે માસખમણ પણ આદરી દીધાં, ધ્યાનયોગમાં એ આગળ વધતા ચાલ્યા અને એનામાં મોટો જીવનપલટો થઇ ગયો છે એમ દેખનારને સહજ લાગે એટલા બધા ફેરફાર એની મુખમુદ્રા અને શરીર પર દેખાવા લાગ્યા.

આવી રીતે પૃથ્વી પર વિહાર કરતાં મુનિ વિશ્વભૂતિ એકદા મથુરા નગરીએ આવી પહોંચ્યા. ચાલુ આકરી તપસ્યાને પરિણામે એનું શરીર એટલું બધું દુર્બળ થઇ ગયું હતું કે પ્રથમ દૃષ્ટિએ તો એને ઓળખવા પણ મુશ્કેલ પડે. હકીકત એમ બની કે આગલે દિવસે વિશાખનંદીની જાન મથુરા શહેરમાં આવી હતી. વિશાખનંદી અનેક રાણીઓને પરણ્યો હતો. તે કાળમાં અનેક રાણીઓને પરણવું એમાં રાજ્યનો અને કુળનો મોભો ગણાતો હતો. મથુરા નગરીના રાજાની બહેનની દીકરી સાથે તેનું આગલી રાત્રે લગ્ન થઇ ગયું હતું અને તેની એકત્રીશ સ્ત્રીઓમાં આગલી રાત્રે એકનો વધારો થયો હતો. લગ્નકાર્યથી પરવારી આજે પોતાની સાથેના જાનૈયાઓ અને રાજપુરુષો સાથે વિશાખનંદી મથુરા નગરીમાં લટાર મારવા નીકળી પડયો હતો. યોગાનુયોગ એવો બની ગયો કે રાજરસ્તા ઉપર મુનિ વિશ્વભૂતિ માસખમણને પારણે વહોરવા માટે નીકળ્યા હતા ત્યાં સામેથી વિશાખનંદીનું જૂથ ચાલ્યું આવતું હતું. એના જૂથના એકાદ માણસની નજર શરીરે કૃશ થઇ ગયેલા વિશ્વભૂતિ પર પડી. એણે આકૃતિને આધારે વિશ્વભૂતિને ઓળખ્યો એટલે એણે વિશાખનંદીનું ધ્યાન ખેંચ્યું. વિશાખનંદી એને પ્રથમ તો ઓળખી પણ શકયો નહિ, અને પ્રયત્ન કરી એને ઓળખવા જાય છે ત્યાં તેણે એક બહુ વિચિત્ર ઘટના દેખી.

હકીકત એમ બની કે વિશ્વભૂતિ મુનિ તો પોતાના ધ્યાનમાં ચાલ્યા જતા હતા, ઇર્યાસમિતિ શોધતાં એની નજર તો કીડી, મંકોડી કે નિર્દોષ જીવ પગ નીચે ગફલતીથી ન આવી જાય તે માટે જમીન તરફ હતી, એ ભૂમિશોધન કરતાં ચાલતાં હતાં ત્યાં બાજુએથી એક ગાય એમની પડખેથી પસાર થવા માટે આવી, એણે પોતાની પીઠ પર મુનિરાજને ચઢાવ્યા અને જમીન પર પટકયા. ગાય તો બાજુ પર થઇ ગઇ, પણ મુનિને રસ્તા પર પડેલા જોઇ વિશાખનંદીના ટોળાના માણસોને હસવું આવ્યું અને વિશ્વભૂતિ તરફ મોટા સાદે મશ્કરી કરતાં બોલ્યા 'અરે મહારાજ!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વભૂતિ ! તમારામાં કોઠાના આખા ઝાડને ધધડાવી દેવાનું બળ હતું તે ક્યાં ચાલ્યું ગયું ? આવી એક સામાન્ય ગાયે પણ તમને પાડી નાખ્યા ?'

વિશ્વભૂતિએ ઊભા થઇ નજર કરી તો વિશાખનંદી દૂર ઊભો ઊભો હસે છે, એના માણસો તાળીઓ પાડે છે, કોઇ હસે છે, કોઈ ઉદ્દગાર કાઢે છે અને કોઇ વિશ્વભૂતિ તરફ સૂચક તિરસ્કાર કરે છે. રાજાને કે રાજપુત્રને ખુશી કરવા ખુશામતીયા અનેક પ્રકારનાં કામો કરે છે અને અત્યારે તો ભવિષ્યના મહારાજા વિશાખનંદીને રાજી કરવાની તક મળી હોઈ તેઓ તે તક કેમ જતી કરે ! તેઓ તો હા હા હી હી કરવા લાગ્યા, મોટેથી મશ્કરી કરવા લાગ્યા અને જાણે વિશ્વભૂતિમાં દમ નથી અને કદી હતો જ નહિ અને કોઠાને તોડી પાડવાનું ખાલી ધાંધલ જ હતું એવો આકારથી દેખાડ કરવા લાગ્યા.

વિશ્વભૂતિમાં કષાયં ન હોતો, ઉપશમ પામી ગયો હતો, પણ હજુ અંદરથી તેના પર વિજય થયો ન હતો. અને પોતાના સગા કે સંબંધી અપમાન કરે ત્યારે તેને ઝીરવવા જેટલી અંદરની તાકાત એણે કેળવી ન હોતી. અત્યારે એ શરીરે નબળા પડી ગયા હતા, તેમ છતાં એ ભાંગ્યું તો એ ભરૂચની સ્થિતિમાં હતા અને પોતાના ગામનાં માણસો કે સંબંધીઓ મશ્કરી કરે તે ખમવા તૈયાર ન હોતા. એને પોતાનું આગલું બળ યાદ આવ્યું, વિશાખનંદી નિમિત્તે પોતાનો થયેલ પરાભવ એક ક્ષણવારમાં પોતાના સ્મૃતિપટ પર તાજો થઇ ગયો અને એક ક્ષણ પણ વિચાર કર્યા વગર વિશ્વભૂતિ મુનિ જમીન પરથી ઊભા થઇ ગયા અને એ જ ગાયને શીંગડેથી પકડી આકાશમાં ભમાવી જમીન પર પટકી દીધી. વિશાખનંદી અને તેનો આખો રસાલો તો આ બનાવ જોઇ રહ્યો. આવા દુબળા-પાતળા બની ગયેલા હાડપિંજર જેવા દેખાતા મુનિમાં હજુ આટલું બધું બળ હશે તે વાત જાણી સાનંદાશ્ચર્ય અનુભવતા હતા, ત્યાં વિશ્વભૂતિ મુનિએ વિશાખનંદી તરફ અત્યંત તિરસ્કારથી જોઇ માત્ર એટલું જ કહ્યું-'જોયું ને ?' આટલો શબ્દોચ્ચાર કહી મુનિ પોતાને ઉપાશ્રયે ચાલ્યા ગયા. વિશાખનંદી આ આખી ઘટના જોઇ રહ્યો અને હજુ મુનિને કાંઇ કહેવા જાય તે પહેલાં ક્રોધના આવેશમાં મુનિ બીજી દિશામાં વિદાય થઇ ગયા. ગાયને સહજ ઇજા થઇ, પણ એ તો પાછી ઊભી થઇ ચાલતી થઇ ગઇ. ક્રોધ એવો છે કે વ્યાપે ત્યારે વધતો જાય છે, લાકડાં વધતાં જેમ અગ્નિ વધે છે તેમ પ્રસંગ બનતાં ક્રોધ વધતો જાય છે અને વધારે વધારે ધુંધવાયા કરે છે. રસ્તે ચાલતા વિશાખનંદીનો આખો પ્રસંગ વધારે યાદ આવ્યો, વિગતવાર યાદ આવ્યો, પોતાને પુષ્પકરંડક ઉદ્યાનમાંથી બહાર કઢાવી બગીચાને પચાવી પાડનાર એ જ હતો એમ એના મન પર આવ્યું અને અત્યારે આવી મશ્કરી કરનાર કેટલો નીચ હતો એ વિચારથી એના ધમધમાટમાં વધારો થયો. ઉપાશ્રયે આવ્યા ત્યારે અને ત્યાર પછી પણ એમના ક્રોધમાં ઘટાડો થયો નહિ, એની આંખ સામે વિશાખનંદીનું અટ્ટહાસ્ય, એના સેવકોએ કરેલી મશ્કરી, એના માણસોએ મારેલો ટોણો એના મગજની આસપાસ ભમવા લાગ્યા અને એણે તો પોતાના મનમાં નિયાણું કરી લીધું કે 'આ ઉગ્ર તપસ્યાના પ્રભાવથી હું ભવાંતરે ઘણા પરાક્રમવાળો થઇ આ વિશાખનંદીનો પરાભવ કરું અને તેને મૃત્યુ પમાડી દઉં.' આવું નિયાણું કરીને એ તો ધમધમાટમાં ચાલુ રહ્યા, સાથેના મુનિઓએ એને એક બે વાર સમજાવ્યા કે આવી ભવ્ય તપસ્યાનું ફળ આવા સ્થૂળ સાંસારિક લાભ માટે વેડફી નાખવું ડહાપણ ભરેલું કે ઉચિત નથી, પણ કષાયની અસર તળે પ્રાણી વિવેક ભૂલી જાય છે, મહામૂલ્યવાન પ્રગતિસાધક આચરણ કે તપનો ઉપયોગ સાદા લાભની ખાતર ખોઇ બેસે છે, નજીવી ચીજ કે લાભ માટે મોટી પૂંજી ગુમાવી બેસે છે અને સંસારસમુદ્રને લગભગ કાંઠે આવેલા પાછા કીચડમાં રગદોળાઇ જાય છે. કોઇ પણ ક્રિયા કરી તેની ફલાકાંક્ષા કરવામાં આવે તો ક્રિયા નકામી જાય છે અથવા મહાન્ ફળને બદલે નાના ફળમાં પરિણમી જાય છે, જે મજૂરીના બે પાંચ રૂપિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળવા જોઇએ તેને બદલે એકાદ દોઢિઆમાં એ ફેરવાઇ જાય છે અને આત્મપ્રગતિને બદલે સંસાર-વૃદ્ધિ થઇ જાય છે. આ ભવમાં કોઇ પ્રકારનો સ્થૂળ લાભ લેવા માટે ક્રિયા થાય તેને વિષ કે ગરલ અનુષ્ઠાન કહેવામાં આવે છે. એમાં સહજ લાભ થાય, પણ સંસાર વધી જાય એટલે એ ક્રિયા ત્યાજ્ય છે. ખરી નિષ્કામ ક્રિયાને અમૃત અનુષ્ઠાન કહેવામાં આવે છે. નિરાશંસભાવે, માત્ર આત્મારામને આધારે, કશી અપેક્ષા, ઇચ્છા કે આશય વગર, કશો દેખાડો કરવા કે પ્રશંસા મેળવવાની હોંશ વગર જે ક્રિયા થાય તે ખરેખર આત્માને લાભ કરે છે, એની પ્રગતિમાં વધારો કરે છે, એને સાધ્ય તરફ આગળ કરે છે અને પરંપરાએ એને સાચો પારમાર્થિક લાભ અપાવે છે. આશીભાવે કરેલ ક્રિયાનો અથવા કરેલ ક્રિયાને અંગે અમુક ફળની માગણી કરવાની ક્રિયાનો જૈન શાસ્ત્રોમાં નિષેધ છે. પ્રાણીને આકાંક્ષા સ્થૂળ કે સાંસારિક જ હોય છે, મોટે ભાગે ધન, માલ, સ્ત્રી, સંપત્તિ કે કીર્તિપ્રસારની એમાં અપેક્ષા હોય છે, અને એ નજરે કે એવી આકાંક્ષાએ ક્રિયા કરવાની ના પાડવામાં આવી છે. ક્રિયાનો લાભ-બદલો માંગી લેવો એને 'નિયાણું' કહેવામાં આવે છે અને નિયાણુબંધનને માટે જૈન શાસ્ત્રોમાં ચોકખો નિષેધ છે. આવી આકાંક્ષા કે ફળપ્રાપ્તિના નિર્ણય કે માગણી વગરની ક્રિયા કરવી કે તેને અંગે તદ્દન નિરપેક્ષ રહેવું એ ઘણીવાર મુશ્કેલ જણાય છે, પણ એજ વિશુદ્ધ માર્ગ છે. અને વરસો સુધી તપ કરનાર, અનેક છઠ્ઠ અઠ્ઠમ અને માસખમણ કરનાર સંસારના ત્યાગી અને વિરાગી મુનિઓને માટે કષાય-ત્યાગ કેટલો મુશ્કેલ છે, એ વાત ખૂબ વિચારવા જેવી છે. સંસારી પ્રાણીમાં તો રાગદ્વેષ, સગપણ, સ્વાર્થ-સંઘટ્ટન અને વિષયો તરફ અભિરુચિ, અરુચિ અને પૌદ્ગલિક વાસનાઓને અંગે કષાય પર વિજય મેળવવામાં મુશ્કેલી પડે, પણ જેણે સંસાર સાથેના સંબંધ છોડયા છે, જેને વેપારધંધા કરવા નથી, દીકરા દીકરી પરણાવવા નથી, રાજવહીવટ ચલાવવા નથી તેને પણ કષાય પર વિજય મેળવવો ઘણો મુશ્કેલ છે. એને દાબી દેવામાં આવે તો પણ એ જોર કરી ઉછળે છે, એના ઉપર રાખ ભભરાવવામાં આવે તો પણ એ અંદરથી ધુંધવાયા કરે છે અને ન ધારેલ વખતે પ્રાણીમાં પ્રકટ થઇ એને કડભર કરી નાખે છે. સ્વમાનને નામે, કુળપરંપરાની શોભાને નામે, ધર્મી કહેવરાવવાની પોતાની ઇચ્છાને પોષણ આપવા માટે વગેરે અનેક કારણે એ અંદર ધમધમી જાય છે અને બાહ્ય સારું દેખાવા છતાં અંદરને સાફ કરી સળગાવી મૂકે છે અને આખા જીવનપંથને વિરૂપ કરી કરેલ ક્રિયા પર, આપેલા ભોગો પર અને સાધેલ પ્રગતિ પર પાણી ફેરવી નાખે છે.

વિશ્વભૂતિને પણ તેમજ થયું. એના કષાયો તદ્દન બળી ગયા ન હોતા. અંદર અગ્નિ ભરખતો હતો. વરસોની તપસ્યા છતાં એક પ્રસંગ મળતાં એ હારી બેઠો અને અભિમાનને તાબે થઇ ગયો. ઉપાશ્રયે આવી તેણે કાંઇ કાંઇ વાત બીજા મુનિસત્તમોને કહી તેમણે તેને સમજાવ્યો. નિયાણું ન કરવાના હેતુઓ જણાવ્યા, એથી થતી આત્મિક હાનિ પર વિવેચન કર્યું, પણ પ્રાણી જ્યારે રવાડે ચડી જાય છે ત્યારે તે કોઇનું સાંભળતો નથી, વિવેકના દ્વાર બંધ કરી દે છે, આત્મદશાને ભૂલી જાય છે, સંસાર ચક્રના આડાઅવળા આરાની કામ લેવાની રીત લક્ષ્ય બહાર કરી દે છે અને સ્વમાન કે કુળાભિમાન કે એવા કોઇ નામ કે બ્હાના નીચે પરવશ બની જાય છે અને સંસાર વધારી મૂકે છે. વિશ્વભૂતિ ક્ષણિક આવેશમાં ભાન તો ભૂલી ગયો, પણ એણે ઉપાશ્રયે આવી તે પર પશ્ચાત્તાપ કરવાને બદલે તે આવેશમાં લાકડાં સંકોર્યાં, વરસો પહેલાં પુષ્પકરંડક ઉદ્યાનને દરવાજે થયેલા પોતાના અપમાનને યાદ કરી રહ્યો, વિશાખનંદીના હાસ્ય પર એને કંટાળો આવ્યો અને એનું વૈર લેવાની તીવ્ર આકાંક્ષા અંદરથી થઇ આવી. કષાયનું જોર, નિયાણાની માગણી અને આલોચના કરવાની અનિચ્છાને પરિણામે આટઆટલી તીવ્ર તપસ્યા કરવા છતાં એણે પાછો સંસાર વધારી મૂકયો.

—સ્વ શ્રી મોતીચંદ ગિરધરલાલ (મૌક્તિક)

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

( ૨ )

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેંદ્રસૂરિજી મહારાજ

પ્ર૦–(૭) સમવસરણુમાં ગણુધર અને કેવલી મુનિઓ કયા ક્રમથી બેસે અને કોણ ઊભા રહીને સાંભળે?

ઉ૦—બૃહત્કલ્પના પહેલા ખંડમાં સમવસરણુના અધિકારમાં આ વાત વિસ્તારથી કહેલ છે. **तथा च तत्पाठः– आयाहिण पुव्वमुहो तिदिसिं पडिरूवगा उ देवकया ॥ जेट्ठगणी अण्णो वा दाहिणं पुव्वे अदूरंमि ॥ १ ॥ અર્થ**–ભગવાન્ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાની સન્મુખ સિંહાસન ઉપર બેસે છે. જે દિશામાં ભગવન્તોના મુખ નથી હોતા તે ત્રણે દિશામાં તીર્થંકરના આકારને ધારણુ કરનાર, સિંહાસન–ચામર–છત્ર–ધર્મચક્રથી અલંકૃત દેવોના કરેલા પ્રતિબિંબ થાય છે, તેમજ બધા લોકો એમ જાણે છે કે–ભગવાન્ અમારી આગળ ધર્મ કહે છે. ભગવાનનું પાદમૂલ એટલે ભગવાનની પાસે જઘન્યથી એક ગણી અથવા એક ધર તો અવશ્ય હોય–તે પ્રથમ ગણુધર કે બીજા પણુ હોય, પ્રાયઃ જ્યેષ્ઠ જ હોય. તે જ્યેષ્ઠ ગણી અથવા અન્ય સમવસરણુના પૂર્વ દ્વારથી પ્રવેશ કરીને દક્ષિણુ–પૂર્વ એટલે અગ્નિ કોણુના ભાગને વિષે નજીકમાં જ ભગવાનને નમસ્કાર કરીને પ્રથમ ગણુધરની પાછળ અને પડખે બેસે છે.

**શંકા**–તીર્થંકરનું રૂપ તો ત્રણે ભુવનમાં ચડીયાતું હોય છે, તો દેવોએ કરેલ પ્રતિબિંબોના રૂપની સાથે સમાનતા હોય કે અસમાનતા? સમાધાન–**जे ते देवेहिं क्या तिदिसिं पडिरूवगा जिणवरस्स ॥ तेसिंपि तप्पभावा तयाणुरूवं हवइ रूवं ॥ १ ॥ અર્થ**–જે તે દેવોએ ત્રણુ દિશામાં જિનેશ્વરના પ્રતિબિંબો કર્યાં છે, તે પ્રતિબિંબોના રૂપ પણ તીર્થંકરના પ્રભાવથી તીર્થંકરના રૂપને અનુસરતા હોય છે.

ભગવાનના સમવસરણુમાં જેઓ જે પ્રકારે બેસે છે, તે વાત સંગ્રહરૂપ ગાથાથી કહીએ છીએ– **तित्थाइ से स संजय देवी वेमाणियाण समणीओ ॥ भवणवइ–वाणवंतर–जोइसियाण च देवीओ ॥ १ ॥ અર્થ**–તીર્થ એટલે ગણુધર તેમના બેઠા પછી અતિશય જ્ઞાનવાળા સાધુઓ બેસે છે, ત્યાર પછી વૈમાનિક દેવોની દેવીઓ બેસે, ત્યારપછી સાધ્વીઓ બેસે, પછી ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષીની દેવીઓ બેસે છે. આ જ વાત વિશેષથી સ્પષ્ટ કરીએ છીએ–**केवलिणो तिउणं जिणं तित्थपणामं च मग्गतो तस्स ॥ मणमादी विणमंता वयंति सट्ठाण सट्ठाणं ॥१॥ અર્થ**–કેવલિયો સમવસરણુના પૂર્વદિશાના દ્વારવડે પ્રવેશ કરીને જિનેશ્વરને ત્રણુ પ્રદક્ષિણુા કરી નમસ્તીર્થાય આ વચનવડે તીર્થને પ્રણામ કરી પ્રથમ ગણુધરરૂપ તીર્થ તેની અથવા બીજા ગણુધરોની પાછળ દક્ષિણુ–પૂર્વ એટલે અગ્નિકોણુમાં બેસે છે. મનઃપર્યાય જ્ઞાનીઓ અને આદિ શબ્દથી અવધિજ્ઞાનીઓ, ચતુર્દશ પૂર્વધરો, દશ પૂર્વીઓ, નવપૂર્વીઓ, આમર્ષ ઔષધ્યાદિ વિવિધ લબ્ધિવાલા મુનિઓ પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ કરી ભગવાનને ત્રણુ પ્રદક્ષિણુા કરી, નમસ્કાર કરી, नमस्तीर्थाय नमो गणधरेभ्यो नमः केवलिभ्यः એમ કહીને કેવલીયોની પાછળ બેસે છે, બાકીના સાધુઓ પૂર્વ દિશાના દ્વારથી સમવસરણુમાં પ્રવેશ કરી, ભગવાનને ત્રણુ પ્રદક્ષિણુા કરી, વંદન કરી, नमस्तीर्थाय, नमो गणभृद्भ्यो, नमः केवलिभ्यो, नमो अतिशयज्ञानिभ्यः આ પ્રમાણે કહી અતિશયવાલા મુનિયોની પાછળ બેસે છે. એ પ્રમાણે મનઃપર્યય જ્ઞાની આદિ મુનિઓ નમસ્કાર કરતા પોતપોતાના સ્થાને જાય, તેમજ વૈમાનિક દેવની દેવીઓ પૂર્વદિશાના દ્વારથી પ્રવેશ કરી, ભગવાનને ત્રણુ પ્રદક્ષિણુા કરી નમસ્કાર કરી, नमस्तीर्थाय, नमः सर्वसाधुभ्यः આ પ્રમાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી સામાન્ય સાધુઓની પાછળ ઊભી રહે છે, બેસતી નથી. સાધ્વીઓ પણ પૂર્વદિશાના દ્વારથી પ્રવેશ કરી, તીર્થંકરને પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી, તીર્થને અને સાધુઓને નમસ્કાર કરી વૈમાનિક દેવીઓની પાછળ ઊભી રહે છે. બેસતી નથી. ભવનપતિની દેવીઓ, જ્યોતિષીની દેવીઓ, વ્યંતરની દેવીઓ દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરી, તીર્થંકરાદિને નમસ્કાર કરી દક્ષિણ પશ્ચિમાદિક એટલે નૈઋત્ય કોણમાં અનુક્રમે ઊભી રહે છે.

भवणवई जोइसिया बोध्धवा वाणमंतर-सुरा य ॥ वेमांणियाय मणुया पयाहिणं जं च निस्साए ॥ १ ॥ **અર્થ**-ભવનપતિ, જ્યોતિષ્ક, વાન-વ્યંતર. આ દેવો ભગવંતને વંદન કરી અનુક્રમે પાછળ ઉત્તર પશ્ચિમે દિગભાગે એટલે વાયવ્યકોણમાં ઊભા રહે છે. વૈમાનિક દેવો મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ, ભગવાનની પ્રદક્ષિણા કરી તીર્થંકરાદિને વંદન કરી ઉત્તર પૂર્વ દિગ્ભાગ એટલે ઇશાન કોણમાં અનુક્રમે ઊભા રહે છે. जं च निस्साए त्ति य परिवारो જે દેવ યા મનુષ્ય જેની નિશ્રા કરીને આવેલ હોય તેની જ પાસે ઊભો રહે છે. આ પ્રમાણે આવશ્યક સૂત્રની ટીકામાં પણ કહ્યું છે, પરંતુ તેમાં એટલો પાઠ વિશેષ છેઃ-अत्र च मूलटीकाकारेण भवनपति-ज्योतिष्क-व्यन्तरदेवीनां भवनपतिज्योतिष्क-व्यन्तर-वैमानिकदेवानां मनुष्याणां मनुष्य-स्त्रीणां च स्थानं निषीदनं वा स्पष्टाक्षरैर्नोक्तं स्थानमात्रमेव प्रतिपादितं । અર્થ- આ સ્થળે મૂલ ટીકાકારે ભવનપતિ, જ્યોતિષ્ક, વ્યંતર દેવીઓનું તથા ભવનપતિ, જ્યોતિષ્ક, વ્યંતર તથા વૈમાનિક દેવો અને મનુષ્યો તથા તેમની સ્ત્રીઓને માટે ઊભા રહેવું કે બેસવું તે વાત સ્પષ્ટ કરી નથી માત્ર સ્થાન જ કહ્યું છે. પૂર્વાચાર્યોના ઉપદેશથી લખાયેલ પટ્ટિકા અને ચિત્રોથી બધી દેવીઓ બેસતી નથી; દેવ, પુરુષો અને સ્ત્રીઓ બેસે છે. આચારાંગ સૂત્રની ટીકામાં છઠ્ઠા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં પણ આ અધિકાર-લેશથી બતાવેલ છે. तथा उत्थिता द्रव्यतो भाव-तश्च तत्र द्रव्यतः शरीरेण भावतो ज्ञानादिभिः तत्र स्त्रियः, समवसरणस्था उभयथाप्युत्थिता शृण-वन्ति पुरुषास्तु द्रव्यतो भाज्या भावोत्थितानां तु धर्ममावेदयत्युत्तिष्ठासूनां च देवानां तिरश्चां च येऽपि कौतुकादिना शृणवन्ति तेभ्योऽप्याचष्टे इति

**અર્થ**-જે પ્રકારે દ્રવ્યથી અને ભાવથી ઉઠેલા હોય તેમાં દ્રવ્યથી શરીરવડે ઊભા રહેલા હોય અને ભાવથી જ્ઞાનાદિ ગુણોવડે તૈયાર હોય-યુક્ત હોય, તે સમવસરણમાં રહેલી સ્ત્રીઓ તો દ્રવ્ય અને ભાવથી ઊભી ઊભી જ ધર્મ સાંભળે છે. પુરુષોને માટે દ્રવ્યથી ભજના જાણવી-ઊભા પણ સાંભળે છે અને બેઠા પણ સાંભળે છે. ભાવથી જેઓ ધર્મ સાંભળવાને માટે તૈયાર થયા હોય તેમને તો ભગવાન્ ધર્મ કહે છે પણ ધર્મ સાંભળવા માટે ઊભા થવાની ઇચ્છાવાળા દેવો અને તિર્યંચોને તથા જે કૌતુકથી સાંભળે છે તેમને પણ ભગવાન્ ધર્મ કહે છે. ॥ ૭ ॥ (ચાલુ)

## વંથળીમંડન શ્રી શીતળજિન સ્તવન

(વહાલું વહાલું લાગે મને મારું વતન-એ રાગ)

વંથળીમંડન જિનજી સોહે, પ્રભુજી દેખી જન મન મોહે, તુમે છો પ્રભુ દઢરથ રાયના નંદ. વહાલા.
વહાલા વહાલા લાગે અમને શીતળ જિણંદ, શીતળ જિણંદ મુખ પુનમચંદ. વહાલા.
શીતળ જિણંદની શોભા સારી, માત નંદા સુત જાઉં બલિહારી, તુમ સેવા સ્વીકારે ચોસઠ ઈંદ.
નેવું ધનુષ્યની કાયા તમારી, વંથળી સંઘની સેવા સ્વીકારી, સ્વામી તોડો અમારા કર્મના ફંદ.
યક્ષ બ્રહ્મા દેવી અશોકા જાણું, ભદ્દિલપુરીમાં જન્મ વખાણું, આપ આગે નાચે અપ્સરાવૃંદ.
એક લાખ પૂર્વ આયુ ધારી, શ્રીવત્સ લંછન છે સુખકારી, ભવપાર ઉતારો પ્રભુ આનંદકંદ. વહાલા.
બુદ્ધિ વૃદ્ધિ ધૈર્ય ભક્તિ પ્રસાદ, કંચનનો ભાસ્કર પ્રગટ થાય, શ્રી સંઘને દિન દિન અતિ આનંદ.

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમત્ત અને અપ્રમત્ત ભાવ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

પ્રમત્ત ભાવના એટલે પોતે આત્મા છે એ ભૂલી કોઈ પણ વિકારને વશ થઈ તે વિકારને પોષવાની મનોદશા. જગતમાં જે અનંત અથડામણો અને સંઘર્ષો નિર્માણ થાય છે, અને અનંત આપત્તિઓની પરંપરા જાગે છે, તેનું મૂળ એવી પ્રમત્ત દશામાં જ રહેલું છે. મનુષ્ય ઘણા ભાગે એવી પ્રમત્ત દશામાંજ લુબ્ધ થઈને તેને વશ થઈ રહે છે. શરીર હંમેશ જો આલસ્યથી જ ટેવાએલું હોય ત્યારે કોઈપણ કાર્ય કરવાનો વખત આવતા, 'અત્યારે નહિ.' આગળ ઉપર જોવાશે, અત્યારે નહીં, એવી પ્રમત્ત ભાવનાથી અત્યારે નહીં કરવાના કારણો અને બહાનાઓ એ શોધવા બેસે છે. અને ગમે તેટલું તુચ્છ કારણ એના માટે પૂરતું જણાય છે, પ્રભુના મંદિરમાં દર્શન માટે નિત્ય જવાનો નિયમ કર્યો હોય, અને વિશિષ્ટ માંદગી જેવા પ્રસંગે નહીં જવાય તો ચાલે એવી છટકબારી રાખેલી હોય, ત્યારે જરા જેવું માથું દુખતું હોય તો પણ મંદિરમાં નહીં જવા માટેનું કારણ પૂરતું ગણાય છે. વિદ્યાર્થી મિત્રો સાથે સહેલ કરવા માટે જવાનો હોય છે ત્યારે હું પૂરતો ડ્રેસ કરી ચૂક્યો છું, ફરી મંદિર જવા માટે કપડા બદલવા માટે ફુરસદ નહીં હોવાનું કારણ આગળ ધરી મંદિરે જવાનું ટાળી શકે છે. મંદિરે દર્શન કરવા નિકળ્યો પણ એટલામાં કોઈ ગ્રાહક આવી લાગે ત્યારે મંદિરે જવાનું ભૂલી જવાનું પરવડે છે. એવા તો અનેક કારણો આગળ કરી પોતાના આત્માને ગુણ કરનારું કાર્ય ટાળી શકાય છે એવી મનોદશાને જ પ્રમત્ત ભાવની ઉપમા અપાય છે અને હમેશની ટેવને લીધે એ ભાવનાને પોષણ મળે છે.

કોઈ સ્નાન કરી પૂજાના વસ્ત્રો પહેરી પૂજા કરવા નિકળી પડે છે અને એટલામાં કોઈ ગ્રાહક આવી લાગે ત્યારે પૂજાને પડતી મેલી ગ્રાહકના કામમાં વળગી જવું ઠીક લાગે છે. એટલું જ નહીં પણ જમવા બેઠેલા હોઈએ એટલામાં કોઈ ઓફિસનું તેડું આવે ત્યારે અડધું જમણુ મૂકી તે ઓફિસરની હાજરીમાં જવું પડે છે. એમાં પોતાના નિરુપાયની વાત હોય તો પણ પ્રમત્ત દશા તો પોતાનો ભાવ ભજવે જ જાય છે. સિનેમા જોવા જવું કે કોઈ પંડિતનું વ્યાખ્યાન સાંભળવા જવું એમાં સિનેમાને જ અગ્રક્રમ મળે છે. એમાં વિકારવશતા હોવાને લીધે એ પ્રમાદ જ ગણાય, એમાં શંકા નથી. એ વિકારવશતા અનેક સંઘર્ષો પેદા કરે છે અને માનવની પ્રગતિનો માર્ગ રૂંધી નાખે છે.

વિદ્યાર્થી જો પોતાના અભ્યાસના સમયમાં અન્ય કાર્યો કરતો રહે તો પરીક્ષામાં યશની આશા શી રીતે રાખી શકે? અધૂરા જ્ઞાનથી જ કેટલાએક વિદ્યાર્થીઓ રાજકારણ કે સમાજકારણમાં આગેવાની લેવા માટે પ્રયત્ન કરે છે. એવા વિદ્યાર્થીઓ અતો ભ્રષ્ટ અને તતો ભ્રષ્ટ થાય છે. પ્રમત્તપણાનો એ એક પ્રકાર જ છે. યોગ્ય વખતે યોગ્ય કાર્ય કરવાનું મૂકી બીજા કામમાં વળગી જવું એ પણ પ્રમત્ત-પણાનો જ એક પ્રકાર છે. કોઈ વ્યાપારી પોતાના વ્યાપાર કરવાના સમયે બીજા જ કાર્યમાં વળગી જાય છે ત્યારે તે પોતાના વ્યવહારમાં ખોટ જ ખાય ને! માટે જે કાર્ય પોતાને માટે પોતે નિયત કર્યું હોય તે જ કાર્ય કરે નહીં અને અન્ય કામમાં વળગી જવાથી પોતાનું મૂળ કાર્ય તો બગડે જ અને બીજું કાર્ય પણ બગડે એમાં નવાઈ નથી, કહ્યું છે કે, अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयंकरः। અવ્યવસ્થા એ ભયંકર છે અર્થાત્ જેનું ચિત્ત જ આમતેમ ભટકતું હોય તેનું કોઈ પણ કાર્ય ભયંકર જ હોય. અર્થાત્ એ બગડી જ જાય એમાં શંકા નથી. આવો અવ્યવસ્થિત ચિત્તવાળા કોઈ ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્ન થાય અને કાંઇક ઇનામ આપી દે એ પણ સુખને આપનારું નહીં પણ ભયંકર દુઃખ આપનારું નિવડે એમાં શંકા નથી.

લશ્કરમાં પહેરા ભરવાનું કામ એક સૈનિકને સોંપવામાં આવ્યું હતું. ટાઈમ રાતનો હતો. એક ભીંતને અડીને એ સૈનિક પહેરા ભરતો હતો. એવામાં એને ઊંઘનું એક ઝોકું આવી ગયું. દૈવયોગે ઉપરી અધિકારી ત્યાં આવી લાગ્યો અને સૈનિક ઊંઘે છે એવું એની નજરમાં આવ્યું. સૈનિક તો જાગી પણ ગયો હતો અને ટટાર થઈ ઊભો પણ રહ્યો હતો. પણ અધિકારીએ એને લશ્કરી કોર્ટની સામે ઊભો કર્યો. એ કોર્ટે એને પાંચ વરસની સખત કેદની સજા ફરમાવી સૈનિકને એ ભોગવવી પડી. એ વસ્તુ અમોએ સગી આંખે જોઈ છે. એ ઉપરથી પ્રમત્તતા કેટલી નુકસાન કરનારી વસ્તુ હોય છે એનો કાંઈક ખ્યાલ આવી શકે છે. પોતાનું કર્તવ્ય માણસે નિશ્ચિત કરી લેવું જોઈએ અને એમ કર્યા પછી એમાં ફેરફાર કે ભેળસેળ કરી છટકબારીઓ શોધતા બેસવું એ મૂર્ખાઇ જ નહીં તો બીજું શું? જગતમાં કોઈ પણ ક્ષેત્રમાં પ્રમાદ ચાલી શકે નહીં. પ્રમત્ત દશા એ હમેશ કાર્યનાશક જ નિવડે છે, એમાં શંકા નથી. એ વસ્તુ કેટલી અગત્યની છે એ પ્રભુ મહાવીર ભગવાને પરમ યોગીશ્વર ઋષિરાજ ગૌતમ ગણધરને પણ સાવચેત રહેવાનો ઉપદેશ કર્યો એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. ગણધર ભગવંત કાંઇ પ્રમાદી કે આળસુ નહીં હતા. એ તો સાક્ષાત્ ભગવંત હતા એમ કહીએ તો ચાલે, એવા સતત જાગૃત અને અપ્રમત્ત ભાવમાં રહેતા ગણધર મુનિને પણ સજાગ રહેવાનું કહેવામાં આવે છે ત્યારે એ વસ્તુનું મહત્વ સ્પષ્ટ થાય છે, એ વસ્તુ ભૂલવી નહીં જોઇએ.

કોઇ રાજકારણી પુરુષ હોય અને પરિસ્થિતિને પારખ્યા વગર જ પોતાની હઠીલાઇ ચાલુ રાખે તો શું પરિણામ આવે? એને પોતાની જગ્યા ઉપરથી ભ્રષ્ટ જ થવું પડે. તેમ સમાજકારણમાં સમાજની નાડ પારખવાની એનામાં આવડત અને સજાગપણું ન હોય તો સમાજ તેને ફગાવી જ દે ને? એવા મનુષ્યે પ્રમત્તદશામાં એક ક્ષણવાર પણ રહેવું નહીં જોઇએ. વ્યાપારી પોતાના કાર્યમાં અપ્રમત્ત રહી સજાગપણે જ બધું કાર્ય કર્યે જાય તો જ યશસ્વી નિવડે છે. ધર્માનુષ્ઠાનમાં પ્રમાદ જ માણસને પાછળ હડસેલી મૂકે છે. આપણે ક્યાં છીએ? શું કાર્ય કરી રહેલા છીએ? આપણી પ્રસ્તુત પ્રસંગની ભૂમિકા કઇ છે? એ હંમેશ જાગૃત મનથી સમજી રાખવું જોઇએ તો જ કાંઈક સિદ્ધિ મળવાની આશા રાખી શકાય. જરા પણ પ્રમત્ત ભાવના આગળ આવે તો આપણું કાર્ય અને ધ્યેય બગડ્યું જ સમજી રાખવાનું છે. પ્રમત્તભાવ ક્યાંય પણ આગળ આવી ઊભો રહે નહીં તે માટે સાવચેતી રાખવાની ઘણી જરૂર છે.

અત્યાર સુધી જે જે માનવો યશસ્વી નિવડ્યા, જે જે મુનિવરો મુક્તિમાં આગળ વધ્યા, દેશભક્તો દેશને સમૃદ્ધ કરી શક્યા, જે જે વેપારીઓ ધનવાન થયા કે જે જે વિદ્યાર્થીઓ પંડિતો થયા તે નિત્ય જાગૃત રહી અપ્રમત્ત ભાવે પોતાનું કાર્ય કરતા રહ્યા તેથી જ તેઓ એ સિદ્ધિઓ મેળવી શક્યા એ સ્પષ્ટ છે; માટે આપણે કાયમને માટે અપ્રમત્ત ભાવ કેળવવો જોઇએ. ગમે તે પ્રસંગે પોતાના મનનું સમતોલપણું જાળવી રાખવાની ખાસ જરૂર છે. અનેક પ્રસંગે પ્રક્ષોભ થવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે, નાસીપાસ થવાના પ્રસંગો પણ ઉભા થાય છે, વિલોભનીય પ્રસંગો પણ આવી ઉભા રહે છે. એવા પ્રસંગોમાં આપણે સમતા જાળવી નહીં શક્યા તો આપણી આગળ પ્રમત્તભાવ આવી ઊભો રહેવાનો જ. એ ન આવે તે માટે હંમેશ જાગૃત રહેવાની જરૂર છે. એવે વખતે ધૈર્ય, શાંતતા અને મક્કમતાનો જ આશરો આપણને લેવો પડે છે. એ ચૂક્યા તો આપણે બધું જ ગુમાવ્યું એમ સમજી રાખવું જોઇએ. બધાઓને એવા અપ્રમત્તભાવો સાંપડે અને પોતાના ધ્યેયમાં તેઓ યશસ્વી નિવડે એજ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

( ૮ )

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

## શ્રુતિ-શ્રવણની દુર્લભતા

શુશ્રૂષા પ્રાપ્ત થઇ તો **શ્રુતિ** (શ્રવણ) પ્રાપ્ત થવી દુર્લભ છે. જો કે ઉપર કહ્યું. તેમ શુશ્રૂષા વિનાનું શ્રવણ સુલભ છે, પણ શુશ્રૂષાપૂર્વક શ્રવણ તો દુર્લભ જ છે, કારણ કે જેના મુખે યથાર્થ તત્ત્વશ્રવણ થઇ શકે, યથાર્થ તત્ત્વશ્રુતિ (તત્ત્વશાસ્ત્ર) સમજાઇ શકે, એવા સાચા સદ્ગુરુલક્ષણસંપન્ન બ્રહ્મનિષ્ઠ આત્મારામી સદ્ગુરુનો જોગ મળવો દુર્લભ છે. જો કે ગુરુગુણવિહીન કહેવાતા ગુરુઓનો જગતમાં તોટો નથી, અને તેઓના મુખે થતું શ્રવણ ઠેરઠેર દેખાય છે, પણ તેવાને અથવા અન્ય સામાન્ય કોટિના જે તે પ્રાકૃત જનને ગુરુ સ્થાપી-માની બેસી તેના મુખે શ્રવણ કરવા કરતાં તો પૂર્વકાલીન પરોક્ષ સદ્ગુરુઓના સદ્ગ્રંથ મુખે શ્રવણ કરવું તે અનેકગણું શ્રેયસ્કર થઇ પડે છે; કારણ કે મહાયોગબલસંપન્ન એવા તે તે મહાગુરુઓનો ચૈતન્યસ્વરૂપ આત્મા 'અક્ષર' સ્વરૂપે વ્યક્ત થઇ, તેમની જીવતીજાગતી જ્વલંત કૃતિઓમાં અક્ષરસ્વરૂપે રહ્યો છે. આવી પરોક્ષ સદ્ગુરુપ્રણીત સત્શાસ્ત્ર મુખે પ્રાપ્ત થતી તત્ત્વશ્રુતિ હો, કે પ્રત્યક્ષ સદ્ગુરુમુખે શ્રુત થતી તત્ત્વશ્રુતિ હો, બંને પ્રકારે તત્ત્વશ્રુતિનો-તત્ત્વશ્રવણનો જોગ વિરલ છે, અને તે જોગ મધુરોદક સમાન છે.× ખારું પાણી છોડી મીઠા પાણીનો જોગ બને તો જ બીજ ઊગી નીકળે, તેમ સંસાર-સમુદ્રનું ખારું પાણી છોડી તત્ત્વશ્રુતિ-તત્ત્વશ્રવણરૂપ મધુર જળનો જોગ બની આવે તો જ બોધરૂપ બીજ ઊગી નીકળે, ઉત્તરોત્તર ચઢતી કળારૂપ પ્રરોહ પામે, અને તો જ ગુરુભકિતસુખથી યુકત એવું સકલ કલ્યાણ ઉભય લોકમાં સાંપડે. આવો મહાદુર્લભ તત્ત્વશ્રુતિનો મહાપ્રભાવ છે.

ખારું પાણી છોડી મીઠા જલેથી,
આવે બીજે અંકુરા જે રીતેથી;
તેવી રીતે તત્ત્વશ્રુતિ પ્રભાવે,
અંકુરા તો યોગના બીજ પાવે.
ખારા પાણી તુલ્ય સંસાર પાણી,
તત્ત્વશ્રુતિ મિષ્ટ વારિ સમાણી;
કલ્યાણો સૌ તેથકી સાંપડે છે,
ગુરુભકિત સૌખ્ય લ્હાવો મળે છે.

**યોગદૃષ્ટિકળશકાવ્ય** (સ્વરચિત)

## શ્રદ્ધા પરમ દુર્લભ: 'श्रद्धा परमदुल्लहा'

શ્રુતિ પ્રાપ્ત થઇ તો **શ્રદ્ધા** પ્રાપ્ત થવી દુર્લભ છે, અને તેમાં પણ **આજ્ઞાપ્રધાન** ને **પરીક્ષાપ્રધાન** એમ બંને પ્રકારની શ્રદ્ધા ઉત્તરોત્તર દુર્લભ છે. અમુક પુરુષ આપ્ત છે, વિશ્વાસપાત્ર છે, વિશ્વાસ રાખવા યોગ્ય છે, એવા પુરુષપ્રામાણ્યથા-પુરુષપ્રતીતિથી આજ્ઞાપ્રધાન શ્રદ્ધા ઉપજે છે. અને તેવો આપ્તપુરુષ તો રાગ-દ્વેષ-મોહ આદિ દોષથી રહિત એવો નિર્દોષ નિર્વિકાર વીતરાગ સર્વજ્ઞ પુરુષ જ હોઇ શકે, એટલે એવા આપ્તપુરુષનું વચન પરમપ્રમાણ છે, પરમપ્રતીતિ યોગ્ય છે, 'તહત્તિ' કરવા યોગ્ય છે, એવી શ્રદ્ધા તે આજ્ઞાપ્રધાન શ્રદ્ધા છે. પરીક્ષાપ્રધાન શ્રદ્ધા તે સંપ્રત્યયાત્મક શ્રદ્ધા (Conviction) એટલે તત્ત્વની સમ્યક્ પ્રતીતિથી-ખરેખરી ખાત્રીથી ઉપજેલી શ્રદ્ધા છે. આવી શ્રદ્ધા તત્ત્વની બરાબર ચકાસણી-પરીક્ષા

---

× "क्षाराम्भस्त्यागतो यद्वन्मधुरोदकयोगतः ।
बीजं प्ररोहमादत्ते तद्वत्तत्त्वश्रुतेर्नरः ॥
अतस्तु नियमादेव कल्याणमखिलं नृणाम् ।
गुरुभक्तिसुखोपेतं लोकद्वयहितावहम् ॥"
—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો. ૬૧, ૬૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાથી ( Searching Investigation ), સોનાની જેમ કસોટી કરવાથી ઉપજે છે. કષ-છેદ-તાપથી* જેમ સોનાની ચોકસાઇ કરવામાં આવે છે, તેમ શાસ્ત્ર-તત્ત્વરૂપ સુવર્ણની ચોક્કસ પરીક્ષા વિચક્ષણ પ્રજ્ઞાવંત પુરુષો કરે છે; અને તે પણ કોઇ પણ મત-દર્શનના આગ્રહ વિના, અત્યંત મધ્યસ્થતાથી, કેવળ શુદ્ધ તત્ત્વગવેષકપણે જ કરે છે; પ્રમાણિક ન્યાયાધીશની જેમ ન્યાયતુલા બરાબર જાળવીને, કોઇ પણ પ્રકારના પક્ષપાત× વિના, સ્વચ્છ અંતઃકરણથી કરે છે.

## આજ્ઞાપ્રધાન અને પરીક્ષાપ્રધાન શ્રદ્ધા

આવી અગ્નિપરીક્ષા કરતાં તેઓને સાંગોપાંગ તત્ત્વનિર્ણય-તત્ત્વનિશ્ચય થાય છે, અને તેથી કરીને સમ્યક્ પ્રતીતિવાળી, ખરેખરી ખાત્રીવાળી ( Real Conviction), અંતરાત્મામાં-હૃદયમાં ઠસી જાય એવી સચોટ અંતરંગ શ્રદ્ધા-સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઉપજે છે. આવી પરીક્ષાપ્રધાનીની શ્રદ્ધા બળવત્તર અને દુર્લભત્તર હોય છે, પણ તેવી તથારૂપ પરીક્ષાનું સામર્થ્ય કાંઇ બધાયમાં હોતું નથી, વિરલા સમર્થ ક્ષયોપશમવંત પુરુષો જ તે કરી શકે છે, અને તેઓ પણ આજ્ઞાનું અવલંબન છોડી દેતા નથી, ગૌણપણે તે માન્ય રાખી તે પ્રયોગસિદ્ધ કરવા મથે છે એટલું જ. તેમજ આજ્ઞાપ્રધાનીને કાંઇ પરીક્ષાનો અભાવ હોય છે એમ નથી, ગૌણપણે તે પણ યથાશક્તિ તેને હોય છે.

આજ્ઞા અને પરીક્ષા બન્ને તત્ત્વમાર્ગણાના પ્રબળ અવલંબન છે, માટે આજ્ઞાપ્રધાન અને પરીક્ષાપ્રધાન આ બન્ને પ્રકારની શ્રદ્ધા તત્ત્વમાર્ગે ચઢવા માટે પરમ આવશ્યક છે, કારણ કે જ્યાં સુધી તેવી શ્રદ્ધા ચોંટે નહિં, સાચી અંતર્આસ્થા ઉપજે નહિ, આત્મામાં ન ભુંસાય એવી 'છાપ' પડે નહિ, ત્યાં સુધી બધુંય જાણવું-કરવું 'છાર પર લિંપણા' જેવું થઇ પડે છે. અને એટલા માટે જ **શ્રી ઉત્તરાધ્યયન +સૂત્રમાં** કહ્યું છે તેમ 'શ્રદ્ધા પરમ દુર્લભ છે;-सद्धा परमदुल्लहा.

"દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?
કિમ રહે? શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ ક્રિયા કરી,
છાર પર લિંપણો તેહ જાણો."

**શ્રી આનંદઘનજી**

## સમ્યગ્દર્શન પ્રતિબંધક મિથ્યાદર્શન

આમ હે ભગવન્! તમારા દર્શનની શૈલી પ્રમાણે વિચારતાં જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રુતિ અને શ્રદ્ધાનનું ઉત્તરોત્તર અધિકાધિક દુર્લભપણું પ્રતીત થાય છે અને આ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન પરમામૃતના દુર્લભપણાનું કારણ પણ તત્પ્રતિબંધક મિથ્યાદર્શન નામક કાતિલ ઝેરનું જગત્માં વિપુલ પ્રમાણમાં વ્યાપકપણું એ છે. કારણ કે અનેક પ્રકારે આવિષ્કૃત થતા મિથ્યાત્વના ‡પંચ મુખ્ય પ્રકારોના સકંજામાંથી ભલભલા પંડિતમન્યો પણ છટકી શકતા નથી, એટલું જ નહિ પણ તે તે મિથ્યાત્વ-ગ્રહથી ગૃહીત થઇ પોતાના અભિગૃહીત નાના પ્રકારના આગ્રહોને વિશેષ જોરથી વળગી રહે છે. (ચાલુ)

---

* "परीक्षंते कषच्छेदतापैः स्वर्णं यथा जनाः।
शास्त्रेऽपि वर्णिकाशुद्धिं परीक्षंतां तथा बुधाः॥"
**—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્**

× "पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु।
युक्तिमद् वचनं यस्य तस्य, कार्यः परिग्रहः॥"
**—શ્રી હરિભદ્રસૂરિ**

"साक्षाद् वस्तुविचारेषु, निकषग्रावसन्निभाः।
विभजन्ति गुणान् दोषान्, धन्याः स्वच्छेन चेतसा॥"
**—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત જ્ઞાનાર્ણવ**

\+ "चत्तारि परमंगाणि दुल्लहाणिह जंतुणो।
माणुसत्तं सुइ सद्धा संयमंमि अ वीरियं॥"
**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**

‡ "રંચક સુખરસ વશ હોય ચેતન,
અપનો મૂલ ન સાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહું,
સાચ ભેદ નવિ પાયો.
વિરથા જનમ ગમાયો મૂરખ!"
**શ્રી ચિદાનંદજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**૧. द्वादश–पर्वकथासंग्रह:–( श्लोकबद्ध: )** (પ્રતાકાર)–મૂળકર્તા ઉપાધ્યાયશ્રી લબ્ધિમુનિવર. પ્રકાશક–શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર–મુંબઇ.

ખરતરગચ્છીય આચાર્યશ્રી જિનરત્નસૂરિના શિષ્ય શ્રી પ્રેમમુનિવરના ઉપદેશથી મળેલ આર્થિક સહાયવડે બાર પર્વોના કથાનો સંગ્રહ, પ્રતાકારે ૭૦ પાનામાં શ્રી મોહન–યશ–સ્મારક ગ્રંથમાળાના નવમા મણકા તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. બાર પર્વોની કથાઓ આપણા સમાજમાં સુપરિચિત છે અને હોંશે હોંશે વંચાય છે. નૂતન મુનિરાજના અભ્યાસ માટે ખૂબ ઉપયોગી છે. ભાષા સરલ અને રોચક હોવાથી વ્યાખ્યાનમાં પણ વાંચી શકાય તેમ છે. પ્રયાસ પ્રશસ્ય છે.

**૨. सुसढचरित्रम् (श्लोकबद्धम्)** (પ્રતાકાર) મૂળકર્તા તેમજ પ્રકાશક અને ઉપદેશક ઉપર પ્રમાણે. ઉપરની ગ્રંથમાળાના દશમા મણકા તરીકે ૪૪ પૃષ્ઠમાં સુસઢમુનિવરનુ ચરિત્ર આપવામાં આવ્યું છે. આ ચરિત્રમાં ખાસ કરીને 'યતના' ધર્મની મહત્વતા દર્શાવવામાં આવી છે. ચરિત્ર વાંચતા આહ્લાદ ઉપજે તેવું છે. અભ્યાસને માટે સુંદર સાધન છે. પ્રયાસ અભિનંદનીય છે.

**૩. चातुर्मासिक व्याख्यानपद्धति:**–(પ્રતાકાર) પ્રકાશક ઉપર પ્રમાણે, ઉપરોક્ત ગ્રંથમાળાના તેરમા મણકા તરીકે આ પ્રત પ્રસિદ્ધ કરવામાં આવી છે. મૂળ કર્તા શ્રી સમયસુંદરજી ગણિવર્ય. સંપાદક તેમજ સંશોધક પૂજ્ય મુનિરાજશ્રી બુદ્ધિસાગરજી ગણિ. પ્રતાકાર પાના ૨૦, મૂલ્ય આઠ આના.

આ પ્રતમાં સંક્ષિપ્તમાં છતાં મુદ્દાસર ચાતુર્માસમાં કરવા યોગ્ય કર્તવ્યનું વર્ણન આપવામાં આવ્યું છે તેમજ ગૃહસ્થના વ્રતો સંબંધી તેમજ તેના અતિચારો સંબંધી સમજુતી સારી રીતે આપવામાં આવી છે. પ્રયાસ સારો છે.

**૪. प्रतिक्रमणहेतुगर्भ:**–(પ્રતાકાર) પ્રકાશક ઉપર પ્રમાણે. ઉપરોક્ત ગ્રંથમાળાના એકવીશમા મણકા તરીકે આ પ્રત પ્રસિદ્ધ કરવામાં આવી છે. મૂળ કર્તા શ્રી જયચંદ્રસૂરિજી. સંપાદક તેમજ સંશોધક પૂજ્ય મુનિરાજ શ્રી બુદ્ધિસાગર ગણિ. પ્રતાકાર પાના ૩૬, મૂલ્ય રૂા. દોઢ.

દેવસી, રાઇ વિગેરે પાંચે પ્રતિક્રમણની ક્રિયા કરવામાં કયો કયો હેતુ રહેલ છે તેનું આ પ્રતમાં સુંદર રીતે વર્ણન કરવામાં અવ્યું છે. ક્રિયા કરવાથી શો લાભ થાય છે તેમજ એક સૂત્ર પછી બીજું સૂત્ર શા માટે કહેવામાં આવે છે તેમજ તેનો ક્રમ ગોઠવવામાં શો હેતું રહેલો છે તેનું પણ સુંદર રીતે દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. પ્રયાસ ઉપકારક છે.

**૫–૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર:**–(ભાગ ૧–૨, અધ્યયન ૧ થી ૮ અને ૯ થી ૧૯) (પ્રતાકાર) પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ આ છઠ્ઠા અંગની રચના કરી છે. તેના પર શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ રચી છે અને નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિએ વિવરણ રચ્યું છે. શ્રી આનંદચંદ ગ્રંથાવલિના ૧૬ મા મણકા તરીકે આગમોધ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજીએ આ બંને ભાગોનું સંશોધન તેમજ સંપાદન કરેલ છે. પ્રકાશક–શ્રી સિદ્ધચક્રસાહિત્ય સમિતિ મુંબઇ. કિંમત પ્રથમ ભાગના રૂા. ૮–૦–૦ અને બીજા ભાગના રૂા ૭–૦–૦. કલકત્તાંના શ્રી ગુજરાતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્વે. સંઘ તરફથી, મુનિશ્રી નંદીઘોષસાગરજીના એકતાલીશ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે સભાને ભેટ તરીકે મળેલ છે.

૭. **સંસ્કારની સીડી:**–(સુધારાવધારા સાથેની દ્વિતીય આવૃત્તિ) લેખક–પરમપૂજ્ય કવિકુલતિલક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ. આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા–દાદરના એકવીશમા પુષ્પ તરીકે આ ગ્રંથ પ્રકાશિત થયો છે.

આશરે ત્રણસો પાનાના આ પુસ્તકમા પૂજ્ય મુનિરાજશ્રીના વિવિધ બોધપ્રદ અને ભાવવાહી ૩૭ લેખોનો સંગ્રહ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. પરમપૂજ્ય મુનિરાજ જેવા શીઘ્ર કવિ છે તેવા જ સિધ્ધહસ્ત લેખક પણ છે. આધુનિક યુગના ઝંઝાવાતને અનુલક્ષીને હૃદયંગમ તેમ જ સરલ ભાષામાં, વાચકને રસ પડે તેમ જ હૃદયસોંસરવા ઊતરી જાય તેવી પદ્ધતિએ આ ગ્રંથનું આલેખન થયું છે. રોજ–બરોજના આપણા જીવનમાં બનતા બનાવોને પોતાની હળવી કલમમાં ઝડપી લઈ પૂજ્ય મુનિરાજે ઉચિત ને યોગ્ય બોધ આપ્યો છે, જે અનુકરણીય તેમજ આચરણીય છે. પ્રસ્તાવના પં. શ્રી કનકવિજયજી ગણિવર્યે લખીને આ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે જે પ્રશંસનીય છે.

૮. **શ્રી સિદ્ધક્ષેત્ર–જૈન–બાલાશ્રમ (પાલીતાણા) સુવર્ણ મહોત્સવ વિશેષાંક:**–વિ. સં. ૧૯૬૨ માં આ સંસ્થા પાલીતાણાખાતે સ્થાપન થયેલ તેને વિ. સં. ૨૦૧૨ મા પચાસ વર્ષ પૂર્ણ થતા તેનો સુવર્ણ મહોત્સવ ગત માગશર માસમાં પાલીતાણાખાતે ત્રણ દિવસના મહોત્સવપૂર્વક સારી રીતે ઉજવવામાં આવ્યો હતો, જે સમયે આ સુંદર, આકર્ષક ને દળદાર ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અંકમાં બાલાશ્રમની પચાસ વર્ષની કાર્યવાહીનું સિંહાવલોકન છે તેમજ સંસ્થાને લગતી વિવિધ માહિતી અને સામગ્રી રજૂ કરવામાં આવી છે. સંસ્થાના શુભેચ્છકો, પેટ્રનો, કાર્યવાહકો અને ભૂતકાળમાં બાલાશ્રમનો લાભ લઇ આજે સારી પાયરીએ પહોંચેલા ગૃહસ્થોના ફોટાઓથી આ અંકને ઘણો જ આકર્ષક બનાવવામાં આવ્યો છે. ટૂંકમાં બાલાશ્રમની પ્રગતિ–સૂચને લગતી સવિસ્તર માહિતી પણ આ અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે. એકંદરે આ અંક આવકારદાયક છે.

૯. **તપોરત્નમહોદધિ**–(૧૬૨ તપોનું વિવરણ) સંપાદક પરમપૂજ્ય મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ. પ્રકાશક, શ્રી જૈન ધર્મોપકરણ ખાતું–પાટણ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ચારસો, પાકું બાઈન્ડીંગ, સુંદર જેકેટ છતાં મૂલ્ય રૂા. ચાર

આજે દિવસે દિવસે તપશ્ચર્યા કરવા સંબંધી લોકોની મનોવૃત્તિ સતેજ થતી આવે છે: તપને લગતી ઘણી પુસ્તિકાઓ બહાર પડી છે પણ આ ગ્રંથમાં વિશિષ્ટતા એ છે કે–દરેક તપની સાથે તે તે તપ કરવાનો હેતુ તેમજ તેની સ્પષ્ટ સવિસ્તર સમજણ આપવામાં આવી છે, પ્રસંગે પ્રસંગે કથાઓ પણ આપવામાં આવી છે, જેથી તપશ્ચર્યા કરનાર પોતે જે તપશ્ચર્યા કરે છે, તેનો ભાવ, રહસ્ય અને તેનું પરિણામ પણ સમજી શકે. આ જાતનો આ પ્રયાસ સૌપ્રથમ હોઇ આવકારદાયક છે.

૧૦. **પ્રશ્નોત્તરચત્વારિંશત્ શતક** (તપા–ખરતર ભેદ પ્રત્યુત્તર). શ્રી મનમોહન યશ:–સ્મારક-ગ્રંથમાળાના બાવીશમા મણકા તરીકે આ ગ્રંથ પ્રસિધ્ધ થયો છે. સંપાદક–મુનિશ્રી બુધ્ધિસાગર ગણિ. પ્રકાશક–શ્રી મહાવીરસ્વામી જૈન મંદિર ટ્રસ્ટ–મુંબઇ. એકસો ચાલીશ પ્રશ્નોત્તરમાં તપગચ્છ અને ખરતરગચ્છ સંબંધી વિવેચન કરવામાં આવ્યું છે.

૧૧. **શ્રી આનંદચંદ્રસુધાસિન્ધુ**–(વિભાગ ત્રીજો)–પ્રકાશક–શ્રી સિધ્ધચક્રસાહિત્ય સમિતિ–સુરત. સંશોધક અને પ્રકાશક પ. પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ. આ પુસ્તકમાં સ્વર્ગત આગમોધ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજીની અમોઘ દેશનાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂા. અઢી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૨. ઋષિમંડલ-સ્તોત્ર-(નાનું તેમજ મોટું)** સંપાદક અને સંશોધક પરમપૂજ્ય સાહિત્યોપાસક મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ. પ્રકાશક-મુક્તિ કમલમોહનમાળા, રાવપુરા-વડોદરા

આ લઘુ પુસ્તકમાં શ્રી ઋષિમંડળ સ્તોત્ર સંબંધમાં વિવિધ દૃષ્ટિબિંદુથી વિવેચના કરવામાં આવી છે. મૂળ સ્તોત્ર આપવા સાથે તેનો વિધિ પણ જણાવ્યો છે, જે જિજ્ઞાસુઓને સુંદર માર્ગદર્શન પૂરું પાડે છે. ઘણે સ્થળે ઋષિમંડળ સ્તોત્ર પ્રસિદ્ધ થયેલ છે, પણ આ પુસ્તકમાં ખૂબ જ સંશોધનપૂર્વક, બીજી પ્રતો મેળવીને પ્રકાશિત કરવામાં આવેલ છે. પૂ. મુનિરાજે પ્રયાસ સારો કર્યો છે. મૂલ્ય રૂપિયો એક.

**૧૩ ચાર જૈન-તીર્થો:**-લેખક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક-શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા-ભાવનગર. મૂલ્ય રૂા. એક. પૃષ્ઠ આશરે નેવું.

સ્વ. મુનિરાજશ્રી જયંતવિજયજી જેવી રીતે ઇતિહાસના સંશોધક હતા તેવી જ રીતે તેમના શિષ્ય પણ મુનિશ્રી વિશાળવિજયજી ઇતિહાસના ગવેષક ને સંશોધક છે. શ્રી યશોવિજયજી ગ્રંથમાળા પણ આવી જાતના લઘુ-લઘુ ટેકો બહાર પાડી કેટલાય અપ્રકટ તીર્થોના ઇતિહાસને પ્રકાશમાં લાવે છે, જે પ્રયાસ પ્રશંસનીય છે. આ પુસ્તકમાં માતર, સોજિત્રા, ખેડા અને ધોળકાને માટેનો માહિતીપૂર્ણ ઇતિહાસ આપવામાં આવ્યો છે.

**૧૪. દિક્ષાનો દિવ્ય પ્રકાશ:**-લેખક : પં. શ્રી દક્ષવિજયજી ગણિવર્યના વિદ્વાન્ શિષ્ય પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. શ્રી નેમિ-લાવણ્ય-દક્ષ-સુશીલ ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે શ્રી વિજય-લાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર-બોટાદ તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

પુસ્તકના નામ પ્રમાણે "દીક્ષા" એટલે શું, તેની મહત્તા વિગેરે દર્શાવવામાં આવેલ છે. પ્રાંતે ચાર પરિશિષ્ટો આપી, સગીર દીક્ષા કેટલી થઇ, તેમજ કયા કયા મહાન્ આચાર્યવર્યોએ કેટલી કેટલી ઉંમરે દીક્ષા લીધી હતી તેનો માહિતીપૂર્ણ ક્રમ દર્શાવવામાં આવેલ છે. એકંદરે દીક્ષાને લગતી ઘણી હકીકતોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂપિયો એક.

**૧૫. નયે જૈનઃ**-લેખક : પ્રકાશચંદ્ર જૈન, પ્રકાશક-શ્રી મુક્તિ જૈન સભા-સરધના. ઉત્તર પ્રદેશના અને મેરઠ વિગેરે જીલ્લામાં ત્રિપુટી મહારાજો અથાગ પરિશ્રમ લઇને નવા જૈન બનાવી રહ્યા છે. આ રીતે નવા બનેલા જૈનોની શી સ્થિતિ છે અને તેઓ કેટલી ઉન્નતિ કરી રહ્યા છે તેમજ જિનમંદિર, જિનપૂજા, ધાર્મિક અભ્યાસ વિગેરેમાં કેટલી પ્રગતિ થઇ રહી છે તેમજ સમાજના આ સંબંધમાં શી ફરજ છે તે સંબંધી દિગ્દર્શન આ પુસ્તિકામાં કરાવવામાં આવેલ છે.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only